જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિકસતી જાતિ) વર્ગ–૨ ની જગ્યાઓને નાયબ નિયામક (વિકસતી જાતિ) વર્ગ–૧ માં અપગ્રેડ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૫૦૫/૯૭૫/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:–3/૭/૨૦૦૬

વંચાણે લીધા:– (૧) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૨/૬/૭૮ નો ઠરાવ ક્રમાંક: બીસીઆર/૧૧૭૮/૩૦૪૩૩/હ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧/૩/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૫૯૮/ન.બા.૧૨/અ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૧/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૫૯૯/મ.૧૯૧–અ

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭/૨/૨૦૦૦૫ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૫૯૯/૧૨૦૩–(૪)અ

(૫) નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ના તા.૧૪/૯/૨૦૦૫ ના પત્ર નં. વિજાક/મકમ/૦૫–૦૬–૧૦૪૬

ઠ રા વ:–

વિકસતી જાતિઓ માટેની કલ્યાણ યોજનાઓના અમલ માટે રાજ્યના દરેક જિલ્લા (ડાંગ સિવાય) માટે ઉપર આમુખમાં દર્શાવેલ ક્રમાંક: (૧) અને (૨) ના ઠરાવથી સ્જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ) વર્ગ–૨ ની જગ્યાઓ મંજુર કરવામાં આવી હતી. જે પૈકી આમુખમાં ક્રમાંક: (૩) માં જણાવેલ તા.૨૫–૧–૨૦૦૦ ના ઠરાવથી મહાનગર પાલિકા વિસ્તાર ધરાવતા જિલ્લાઓની તથા આમુખ ક્રમાંક:(૪) માં દર્શાવેલ તા.૧૭/૨/૨૦૦૫ ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ ખાતાની જિલ્લા કચેરીઓમાં કામગીરીમાં વધારો થતાં જુનાગઢ, ગાંધીનગર સાબરકાંઠા, જિલ્લાની સમાજ કલ્યાણ અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ નાયબ નિયામક (વિ.જા) વર્ગ–૧ માં અપગ્રેડ કરવામાં આવી હતી.

૨. રાજ્યની વસ્તી અને વિકાસની સાથોસાથ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં સમાવિષ્ટ થતા વિસ્તૃત વર્ગ સમુહ માટેની યોજનાઓ વગેરેમાં નોંધપાત્ર વધારો થતો રહયો છે. પરિણામે વિકસતી જાતિ કલ્યાણ ખાતાની કામગીરીનો વ્યાપ પણ વધ્યો છે આ સંજોગોમાં રાજ્યના આવા કેટલાક જિલ્લાઓની જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી વિકસતી જાતિ વર્ગ–૨ ની જગ્યાઓ નાયબ નિયામક (વિકસતી જાતિ) વર્ગ–૧ માં અપગ્રેડ કરવા આમુખમાં દર્શાવેલ ક્રમાંક: (૫) માં દર્શાવેલ નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા.૧૪/૯/૦૫ ના પત્રથી દરખાસ્ત કરવામાં આવી હતી.

૩. વિચારણાને અંતે આમુખમાં ઉલ્લેખ કરેલ ક્રમાંક:(૧) ના ઠરાવમાં સુધારો કરીને નીચે જણાવેલ વધુ ત્રણ જિલ્લાઓમાં જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ) વર્ગ–૨ (પગાર ધોરણ રૂ.૬૫૦૦–૧૦૫૦૦) ની જગ્યાઓને નાયબ નિયામકશ્રી( વિકસતી જાતિ) વર્ગ–૧ (પગાર ધોરણ રૂ.૮૦૦૦–૧૪૦૫૦) માં અપગ્રેડ કરવામાં આવે છે.

| ક્રમ | જિલ્લાનું નામ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ખેડા | નાયબ નિયામકશ્રી (વિકસતી જાતિ)વર્ગ–૧ (પગાર ધોરણ ૮૦૦૦–૧૪૦૫૦) | એક |
| ૨ | પંચમહાલ | નાયબ નિયામકશ્રી (વિકસતી જાતિ)વર્ગ–૧ (પગાર ધોરણ ૮૦૦૦–૧૪૦૫૦) | એક |
| ૩ | પાટણ | નાયબ નિયામકશ્રી (વિકસતી જાતિ)વર્ગ–૧ (પગાર ધોરણ ૮૦૦૦–૧૪૦૫૦) | એક |

(પાછળ)

૪. ઉપર્યુક્ત ફેરફારને પરિણામે જ્યારે આ જિલ્લાઓમાં નાયબ નિયામક (વિ.જા) વર્ગ–૧ ની નિમણૂંક કરવામાં આવે ત્યારથી આ જિલ્લાઓની વહીવટી કામગીરી વિકસતી જાતિ કલ્યાણના તાબા હેઠળ કચેરીના વડા તરીકે નાયબ નિયામક (વિકસતી જાતિ) વર્ગ–૧ હસ્તક ગણવાની રહેશે. પ્રથમ તબકકે આ જગ્યાઓ તા.૨૮/૨/૨૦૦૭ સુધી મંજુર કરવામાં આવે છે.

૫. આ હુકમો આ જગ્યાઓ ઉપર સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા)વર્ગ–૨ ના અધિકારીઓને નાયબ નિયામક (વિ.જા)વર્ગ–૧ તરીકે બઢતી આપી નિમણૂંકો કરવામાં આવે તે તારીખથી અમલમાં આવશે. આ ફેરફાર મુજબ જિલ્લા કક્ષાની વહીવટી કામગીરી સત્વરે થઈ શકે તે માટે વર્ગ–૧ ની આ જગ્યાઓ વિકસતી જાતિ કલ્યાણ તંત્રના વર્ગ–૨ ના યોગ્ય અધિકારીઓને નાયબ નિયામક (વિકસતી જાતિ) વર્ગ–૧ તરીકે નિયમોનુસાર બઢતીથી નિમણૂંકો આપીને ભરવામાં આવશે.

૬. આ અંગેનો ખર્ચ અંદાપત્રના સદર–મુખ્ય સદર–૨૨૨૫ અનુજાતિ/ જનજાતિ અન્ય પછાત વર્ગોનું કલ્યાણ માંગણી નં.૯૨, નોન પ્લાન પેટા મુખ્ય સદર–૦૩ પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર–૦૦૧ નિર્દેશ અને વહીવટ, પેટા સદર–(૨) બીસીકે–૧૨૮ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેના વહીવટી તંત્રને તમામ કક્ષાએ સંગીન બનાવવું ખાતે ઉધારવો અને તે હેઠળ જે તે વર્ષના અંદાજપત્રમાં કરાયેલ જોગવાઈમાંથી મેળવવો.

૭. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૨૯/૬/૦૬ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ રાવલ)
સંયુકત સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

–માન.મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
–માન. રા.ક.મંત્રીશ્રી સા.શૈ.પ.વ.ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
–નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર
–જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ખેડા, પાટણ,પંચમહાલ
–એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
–પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
–નિવાસી ઓડીટ અધિકારીશ્રીગાંધીનગર
–નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
–નાણાં શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
–અ૧, જ અને ગ–શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
–નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઈલ.
–શાખા સિલેકટ ફાઈલ.

TRV-113